RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :-૩૩૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૮, ◆ અંક: ૮, ◆ સળંગ અંક: ૯૨, ◆ તા.૧૬/૦૬/૨૦૨૪, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનની ૭૦મી વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે યોજાઇ: શૈલેષભાઈ મકવાણા બન્યા નવા પ્રમુખ

## નરેન્દ્રભાઈ કરકરે બન્યા ઉપપ્રમુખ, જગદીશભાઈ વ્યાસ, ડીસા, ઉપપ્રમુખ આઉટસ્ટેશન, આશુતોષ ઠક્કરની સેક્રેટરી, રમેશભાઈ ત્રિવેદી, ભાવનગરની સેક્રેટરી આઉટસ્ટેશન તરીકે થઈ નિમણૂંક

તા. ૦૭.૦૬.૨૦૨૪: ગુજરાત રાજ્યના જી.એસ.ટી. પ્રેક્ટિસ કરતાં પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન એવા ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશન, (અગાઉ જે ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન તરીકે ઓળખાતું હતું) ની ૭૦ મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડીંગ અમદાવાદ ખાતે ૦૭ જૂન ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૩-૨૪ ની પ્રવૃતિ અંગેની માહિતી પ્રમુખ જયેશભાઇ શાહ દ્વારા ઉપસ્થિત સભ્યોને આપવામાં આવી હતી. ખજાનચી નિખિલભાઈ ગાંધી દ્વારા વર્ષના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ હિસાબોને સભ્યો દ્વારા બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત એસોસીએશનના સભ્યોના બાળકો દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ ૨૪ માં મેળવવામાં આવેલ ઉપલબ્ધિ બાબતે પ્રોત્સા હન ઈનામો આપવામાં આવ્યા હતા. સંસ્થાના મુખપત્ર એવા સેલ્સ ટેક્સ જર્નલના બેસ્ટ આર્ટીકલનો એવોર્ડ અમદાવાદના યુવાન ટેક્સ પ્રોફેશનલ અને સંસ્થાના કારોબારી સભ્ય એવા દર્શિતભાઈ શાહને આપવામાં આવ્યો હતો. સેલ્સ ટેક્સ જર્નલના બેસ્ટ કૉલમ રાઇટરનો એવોર્ડ સંસ્થાના સિનિયર સભ્ય એવા લલિતભાઈ લેઉવાને આપવામાં આવ્યો હતો. આ મિટિંગમાં આવનારા વર્ષ ૨૦૨૪-






૨૫ ના વર્ષ માટેના કારોબારી સભ્યોની તથા હોદેદારોની ન્યૂક્તી પણ કરવામાં આવી હતી. સામાન્ય સભા દ્વારા ૧૧ કારોબારી સભ્યો, ઉપરાંત આઉટસ્ટેશનના પાંચ સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી. સામાન્ય સભા બાદ પ્રથમ કમિટી મિટિંગ મળી હતી જેમાં હોદેદારોની નિમણૂંક પણ કરવામાં આવી હતી. ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસો.ના વર્ષ ૨૦૨૩-૨૪ના હોદેદારો તથા કારોબારી સભ્યોની યાદી નીચે મુજબ છે.

શૈલેષ મકવાણા-પ્રમુખ
નરેન્દ્ર કરકર-ઉપપ્રમુખ
આશુતોષભાઈ ઠક્કર-સેક્રેટરી
રમેશભાઈ ત્રિવેદી-સેક્રેટરી
નિશાંત શાહ-ખજાનચી
પ્રિતેશ ગાંધી
બીપીનભાઈ ભાવસાર
નિતેશભાઈ શાહ
જય ઠક્કર
મેહુલ શાહ
દર્શિત શાહ
નિરવ વડોદરિયા-જામનગર
પ્રેમલ શાહ-નડિયાદ
વિનોદ ટંડન-ગાંધીધામ
જગદીશ વ્યાસ-ડીસા (ઉપપ્રમુખ, આઉટસ્ટેશન)
ચિરાગ ગાંધી-વાપી

સામાન્ય સભાના અંતે સેક્રેટરી પ્રિતેશ ગાંધી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાતની વાર્ષિક સભા યોજાઈ






ગુજરાતની નામાંકિત વ્યવસાયિક સંસ્થા ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાતની વાર્ષિક સભા હોટલ પ્લેટિનમ ઈન, અમદાવાદ ખાતે યોજાઈ. ચાલુ વર્ષે એસોસિએશન ના ૫૦મા મંગલ પ્રવેશ પ્રસંગે સિનિયર ફાઉન્ડર પ્રેસિડેન્ટ ધીરેશભાઈ શાહે સ્થાપનાથી અત્યાર સુધી ગતિવિધિની ઉમદા નોંધ લઈને સૌ નો હાર્દિક શુભેચ્છાઓ પાઠવેલ. વર્ષ ૨૪-૨૫ની કારોબારી માટે ઈલેકશન કમિટીના ઇન્ચાર્જ સભ્ય વારીશભાઈ ઈશાનીએ કમિટીના વિવિધ પદે નામ જાહેર કરેલ જેમાં પ્રમુખ જયદીપ પટેલ, આઈપીપી કિંજલ શાહ, ઉપ પ્રમુખ પિનાકીન પટેલ, મંત્રી અનિલ ટીમ્બડીયા, સહ મંત્રી દીપ પરીખ, ખજાનચી ગૌરાંગ વ્યાસ, કમિટી સભ્યોમા અનિલ પરીખ, વસંત પટેલ, બિન્દેશ શાહ, અમિત સોની, ઉત્સવ પટેલ, નૈતિક શાહ, મુકેશ પટેલ.

ગત વર્ષના પ્રમુખશ્રી કિંજલભાઈ શાહે વર્ષ દરમ્યાન થયેલ એકટીવીટી રિપોર્ટ રજુ કરેલ જે સભ્યોએ વધાવેલ તે બદલ સૌ નુ ઋણ સ્વીકારેલ. ગોલ્ડન જયુબુલી વર્ષના પ્રમુખશ્રી જયદીપ પટેલે તેમની નિયુક્તિ કરવા બદલ સૌ સભ્યો નુ ઋણ સ્વીકારેલ અને સૌ ના સાથ સહકાર થી એસોસિએશનને વધુ પ્રગતિશીલ કરીશું તેની ખાતરી આપેલ. આ પ્રસંગે પાસ્ટ પ્રેસિડેન્ટશ્રીઓ, કારોબારી સભ્યો, સામાન્ય સભ્યો અને એસોસિએશનના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

# જી.એસ.ટી. અપીલ માટે હશે અલગ પોર્ટલ: સંપૂર્ણ ડિજિટલ અપીલ પદ્ધતિ માટે થઈ રહી છે તૈયારી

## જી.એસ.ટી. અપીલ ટ્રિબ્યુનલની પ્રિન્સિપાલ દિલ્હી બેન્ચ જુલાઈ-ઓગસ્ટમાં થશે કાર્યરત: અન્ય તમામ બેન્ચ પણ ૨૦૨૫ સુધીમાં થઈ જશે કાર્યરત





તા. ૦૪.૦૬.૨૦૨૪: જી.એસ.ટી. લાગુ થયાને સાત વર્ષ જેવો સમય થઈ ગયો હોવા છતાં જી.એસ.ટી. હેઠળ ટ્રિબ્યુનલ કાર્યરત બની શકી નથી. આ અંગે વારંવાર સરકારની કોર્ટ દ્વારા ઝાટકણી કાઢવામાં આવતી રહી છે. હવે લગભગ જી.એસ.ટી. ટ્રિબ્યુનલ શરૂ કરવાનો માર્ગ મોકલો બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ જી.એસ.ટી. હેઠળ આપીલ માટે સંપૂર્ણ પણે અલગ પોર્ટલ શરૂ કરવાની તાજવીજ હાથ ધરવામાં આવી રહી છે. આ પોર્ટલ ઉપર સંપૂર્ણ પણે ડીજીટલાઇઝ આપીલો ના કારણે અપીલનો નિકાલ ઝડપથી થશે તેવી આશા સેવાઇ રહી છે. ઓનલાઈન પોર્ટલ ઉપર જૂના કેસોની વિગતો પણ સરળતાથી મળી રહેશે જેના કારણે બેન્ચના જજ, વકીલો તથા કરદાતાઓને મદદરૂપ થશે. જોકે નિષ્ણાંતો માની રહ્યા છે કે આ પદ્ધતિ ઘણી ગૂઢ હોય આ પદ્ધતિ લાગુ કરવામાં સમય લાગી શકે છે. ‘‘દેર આયે દુરુસ્ત આયે’’; જી.એસ.ટી. ટ્રાઈબ્યુનલની જલ્દીથી કાર્યરત થાય તેવી આશા કરદાતાઓ સેવી રહ્યા છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**









Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Diu Calling!!!

Amenities
- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# FORM GST SRM-1 અને FORM GST SRM-2ની સરળ ભાષામાં સમજુતી



By Prashant Makwana

### પ્રસ્તાવના

GST નોટીફીકેશન નંબર ૪/૨૦૨૪ તારીખ ૦૫/૦૧/૨૦૨૪ ના શિડ્યુલમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતા કરદાતા એ માલના પેકિંગ કરવામાં વપરાતા મશીન વિશેની માહિતી GST પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે. આ માટેનું FORM GST SRM-1 તારીખ ૧૬/૦૫/૨૦૨૪ના રોજ GST પોર્ટલ પર લાઇવ કરવામાં આવ્યું છે. નોટીફીકેશનના શીડ્યુલમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતા કરદાતાએ GST પોર્ટલ પર ૨ સ્ટેટમેન્ટ અપલોડ કરવાના રહેશે.

૧. FORM GST SRM-1 અને

૨. FORM GST SRM-2

તારીખ ૧૬/૦૫/૨૦૨૪ ના રોજ FORM GST SRM-1 GST પોર્ટલ પર લાઇવ થઇ ગયું છે. FORM GST SRM-1ની માહિતી આ આર્ટીકલ માં આપવામાં આવી છે.

### FORM GST SRM-1ની માહિતી

- નોટીફીકેશન ના શીડ્યુલ માં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતા કરદાતા એ માલના પેકિંગ માટે જે મશીનનો ઉપયોગ કરે છે તે પેકિંગ મશીન વિશેની વિગતવાર માહિતી FORM GST SRM-1માં ભરવાની હોય છે.
- FORM GST SRM-1માં પેકિંગ મશીનની નીચે મુજબની માહિતી અપલોડ કરવાની રહેશે.
- પેકિંગ મશીનનો મોડેલ નંબર
- પેકિંગ મશીનના ઉત્પાદકનું નામ
- મશીન નંબર
- પેકિંગ મશીનની ખરીદીની તારીખ
- જે જગ્યા એ પેકિંગ મશીન ઈન્સ્ટોલ કર્યું હોય તે જગ્યા નું સરનામું
- પેકિંગ મશીન દ્વારા કેટલા વજનનું પેકિંગ થય શકે. ગ્રામમાં
- પેકિંગ મશીનની કેપેશીટી
- ELECTRONIC CONSUPTIONની માહિતી
- મશીન ચાલુ છે કે બંધ

કરદાતા નોટીફીકેશનના શિડ્યુલમાં દર્શાવેલ માલના ઉત્પાદન કરવા માટે નવો નંબર લે છે તો જ્યારથી GST નંબર અપ્રુવ થાય છે ત્યારથી ૧૫ દિવસમાં આ FORM GST SRM-1 અપલોડ કરવાનું રહેશે.

- જે કરદાતા હાલમાં GSTમાં રજીસ્ટર છે તે કરદાતા કે જે નોટીફીકેશનના શીડ્યુલમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતા હોય તે કરદાતા એ FORM GST SRM-1 ૧૫/૦૬/૨૦૨૪ સુધીમાં GST પોર્ટલ પર અપલોડ કરવાનું રહેશે.
- પહેલી વાર FORM GST SRM-1માં માહિતી અપલોડ કર્યા પછી ભવિષ્યમાં જયારે વધારાનું પેકિંગ મશીન ઈન્સ્ટોલ કરવામાં આવે ત્યારે મશીન ઈન્સ્ટોલ કાર્યના ૨૪ કલાકમાં FORM GST SRM-1ના ટેબલ ૬ ના પાર્ટ-Bમાં તેની માહિતી આપવાની રહેશે.
- જે માહિતી આપડા FORM GST SRM-1માં ડીકલેર કરી છે તેમાં ફેરફાર થાય તો તે ફેરફારને ૨૪ કલાકમાં તેની માહિતી FORM GST SRM-1ના ટેબલ ૬અમાં અપલોડ કરવાની રહેશે.
- FORM GST SRM-1 ભર્યા પછી દરેક પેકિંગ મશીન માટે એક યુનિક રજીસ્ટ્રેશન નંબર જનરેટ થશે. તે કરદાતા એ GST પોર્ટલ પર રજીસ્ટર કરવાનો રહેશે.
- GSTમાં રજીસ્ટર વ્યક્તિએ પોતાના યુનિટની મેન્યુફેક્ચરિંગ કેપેસીટી અથવા મશીનની કેપેસીટી કોઈ પણ સરકારી વિભાગમાં અથવા કોઈ એજન્સી અથવા કોઈ પણ ઓર્ગેનાઈઝેસનમાં સબમિટ




કરી હોય અથવા ડીકલેર કરેલી હોય તેની માહિતી FORM GST SRM-1ના ટેબલ-૭માં માહિતી સબમિટ અથવા ડીકલેર કર્યાના ૧૫ દિવસમાં અપલોડ કરવાની રહેશે.

- ૧૫/૦૫/૨૦૨૪ પહેલા યુનિટની મેન્યુફેક્ચરિંગ કેપેસીટી અથવા મશીનની કેપેસીટી કોઈ પણ સરકારી વિભાગ કોઈ પણ એજન્સી અથવા કોઈપણ ઓર્ગેનાઈઝેસનમાં સબમિટ કરી હોય કે ડીકલેર કરી હોય તો તેની માહિતી FORM GST SRM-1ના ટેબલ ૭માં ૧૫/૦૬/૨૦૨૪ સુધીમાં અપડેટ કરવાની રહેશે.
- કોઈ પણ પેકિંગ મશીનનો નિકાલ કરવામાં આવે ત્યારે તેની માહિતી FORM GST SRM-1ના ટેબલ-૮માં મશીનનો નિકાલ કર્યાના ૨૪ કલાકમાં અપલોડ કરવાની રહેશે.

### FORM GST SRM-2ની માહિતી

- FORM GST SRM-2 એ એક સ્પેશિયલ મંથલી સ્ટેટમેન્ટ છે. જે મહિનો પૂરો થાય ત્યાર પછીના મહિનાના પહેલા ૧૦ દિવસ સુધીમાં ફાઈલ કરવાનું રહેશે.
- FORM GST SRM-2ની અંદર કેટલા ઈનપુટ નો ઉપયોગ થયો છે અને કેટલુ ઉત્પાદન થયું છે તેની માહિતી આપવાની રહેશે.

### FORM GST SRM-3

- FORM GST SRM-3 એ પેકિંગ મશીન માટેનું ચાર્ટર એન્જીનયર પાસેથી લેવાના સર્ટીફીકેટનું ફોરમેટ છે.
- આપણે અત્યાર સુધી આર્ટીકલમાં જોયું કે નોટીફીકેશનના શીડ્યુલમાં દર્શાવેલ માલના ઉત્પાદનમાં FORM GST SRM-1, 2, 3 લાગુ પડે. નોટીફીકેશન નંબર 4/CENTRAL TAXનું શીડ્યુલ નીચે મુજબ છે એટલે કે નીચે મુજબની પ્રોડક્ટનું ઉત્પાદન કરતા કરદાતાએ FORM GST SRM-1,2,3 લાગુ પડશે.

| S.NO. | Chapter /Heading/ Sub-heading /Tariff item. | Description of Goods. |
|---|---|---|
| (1) | (2) | (3) |
| 1. | 2106 90 20 | Pan-masala Unmanufactured tobacco (without lime tube)- |
| 2. | 2401 | bearing a brand name |
| | | Unmanufactured tobacco (with lime tube)-bearing a |
| 3. | 2401 | brand name |
| 4. | 2401 30 00 | Tobacco refuse, bearing a brand name |
| 5. | 2403 11 10 | 'Hookah' or 'gudaku' tobacco bearing a brand name |
| 6. | 2403 11 10 | tobacco used for smoking 'hookah' or known as 'hookah' tobacco or 'gudaku' not bearing a brand name |
| 7. | 2403 11 90 | Other water pipe smoking tobacco not bearing a brand name. |
| 8. | 2403 19 10 | Smoking mixtures for pipes and cigarettes |
| 9. | 2403 19 90 | Other smoking tobacco bearing a brand name |
| 10. | 2403 19 90 | Other smoking tobacco not bearing a brand name |
| 11. | 2403 91 00 | "Homogenised" or "reconstituted" tobacco, bearing a brand name |
| 12. | 2403 99 10 | Chewing tobacco (without lime tube) |
| 13. | 2403 99 10 | Chewing tobacco (with lime tube) |
| 14. | 2403 99 10 | Filter khaini |
| 15. | 2403 99 20 | Preparations containing chewing tobacco |
| 16. | 2403 99 30 | Jarda scented tobacco |
| 17. | 2403 99 40 | Snuff |
| 18. | 2403 99 50 | Preparations containing snuff |
| 19. | 2403 99 60 | Tobacco extracts and essence bearing a brand name |
| 20. | 2403 99 60 | Tobacco extracts and essence not bearing a brand Name |
| 21. | 2403 99 70 | Cut tobacco |
| 22. | 2403 99 90 | Pan masala containing tobacco'Gutkha' |
| 23. | 2403 99 90 | All goods, other than pan masala containing tobacco 'gutkha', bearing a brand name |
| 24. | 2403 99 90 | All goods, other than pan masala containing tobacco 'gutkha', not bearing a brand name |

ઉપર મુજબના શીડ્યુલમાં દર્શાવેલ માલનું ઉત્પાદન કરતા કરદાતાએ FORM GST SRM-1 અને FORM GST SRM-2 સમયસર GST પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

**(લેખક થાનગઢ ખાતે ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી.ની પ્રેક્ટિસ કરે છે અને ટેક્સ ટુડેના નિયમિત લેખક છે)**

Other Than Tax

# Coorg-કોફીની સોડમ સાથે હિલ સ્ટેશનની મજા

હું ફરવાનો ખાસ શોખીન છું. નાની નાની બિઝનેસ ટ્રીપ હોય કે ફેમિલી ટ્રીપ, ફરવાનો ચાન્સ જ્યાં પણ મળે હું આ ચાન્સ જવા દેતો નથી. આ વર્ષે કર્ણાટક રાજ્યના પ્રખ્યાત હિલ સ્ટેશન કુર્ગ નામના પ્રખ્યાત હિલ સ્ટેશન જવાનો પ્લાન બન્યો. કુર્ગ વિષે વર્ષોથી સંભાળ્યું છે. કોફી પ્લાન્ટેશન, સુંદર અને આહ્લાદક કુદરતી સૌંદર્ય અને મોંઘા અને આલીશાન રિસોર્ટ માટે પ્રખ્યાત કુર્ગ જવાનું મન ઘણા વર્ષોથી હતું. આ વર્ષે મારી દીકરીના ''બકેટ લિસ્ટ'' (ફરવાની ઈચ્છા હોય તેવા સ્થળોની યાદી)માં જ્યારે કુર્ગનું નામ જોયું ત્યારે કુર્ગને જ આ વર્ષનું ''હોલિડે ડેસ્ટિનેશન'' પસંદ કર્યું.

વર્ષોથી સાંભળતા આવ્યા છીએ કે કુર્ગ એ શિમલા, મનાલી, ઉટીની જેમ ખૂબ સરસ ''હિલ સ્ટેશન'' છે. પણ જ્યારે કુર્ગ માટે બુકિંગ કરવા બેઠો ત્યારે ખબર પડી કે કુર્ગ નામે કોઈ ''હિલ સ્ટેશન'' તો છે જ નહીં!!! હા, મિત્રો કુર્ગ એ કોઈ ''હિલ સ્ટેશન''નું નહીં પરંતુ એક જિલ્લાનું નામ છે. જેવી રીતે હું ગીર સોમનાથ જિલ્લામાં છું પણ ગીર સોમનાથ એવું કોઈ ગામ નથી તેવી જ રીતે કુર્ગ એ કોઈ ગામ નહીં પરંતુ જિલ્લાનું નામ છે. કુર્ગ જિલ્લાનું પ્રખ્યાત ''હિલ સ્ટેશન'' સ્થળ તો ''માદેકરી'' છે. જ્યારે આપ કોઈના મોઢે સાંભળો કે અમે કુર્ગ ફરીને આવ્યા ત્યારે એમ સમજવું કે તેઓ ''માદેકરી'' ફરીને આવ્યા છે.

### કેવી રીતે કુર્ગ પહોચવું??

કુર્ગ પહોચવાનો સૌથી સહેલો અને આરામદાયક રસ્તો અમદાવાદથી બેંગલોર ફલાઇટનો છે. અમદાવાદ સહિત તમામ મોટા એરપોર્ટથી બેંગલોર





માટે ફલાઇટ મળી રહે છે. બેંગલોર (બેંગલુરુ વાંચવું) થી અંદાજે ૨૫૫ દૂર આવેલું છે ''માદેકરી'' એટલેકે કુર્ગ. બેંગલોર એરપોર્ટથી ૫ કલાક જેવો સમય ટેક્સીમાં થતો હોય છે.

આ તો થઈ સૌથી સહેલા અને આરામદાયક રસ્તાની વાત. પણ આ સિવાય પણ કુર્ગ પહોચવા માટે જામનગર, પોરબંદર, રાજકોટ, અમદાવાદ જેવા મથકોથી ટ્રેન દ્વારા પણ આપ કુર્ગ પહોચી શકો છો. પોરબંદરથી અને જામનગરથી મેંગલોરની ટ્રેન લઈ આઓ કુર્ગ પહોચી શકો છો. હા, આ મુસાફરી લાંબી હોય છે. ૨૪ થી ૨૮ કલાક જેવો સમય ટ્રેનમાં થતો હોય છે.

### અમારી ટ્રેન યાત્રા

અમે, એક અલગ અનુભવ લેવા અને ટુરમાં થોડું ''બજેટ''નું ફેક્ટર ઉમેરવા એક તરફ ટ્રેનની મુસાફરી પસંદ કરી હતી. Jam-Ten એક્સ્પ્રેસ (ટ્રેન નંબર ૧૯૫૭૮) દ્વારા રાજકોટથી મેંગલૂર સુધીની ટિકિટ બુક કરી હતી. અમારી ટ્રેન રાત્રે ૧૧ કલાકે રાજકોટથી ઉપડવાની હતી અને બીજે દિવસે રાત્રે ૩ કલાકે મેંગલોર પહોચવાની હતી. પૂરા ૨૭ કલાકની ટ્રેન મુસાફરી!!!

આ સફરમાં હું મારા wife અને મારી બેસ્ટ ફ્રેન્ડ, મારી દીકરી સાથે હતી. આ સફરમાં કેટલુ Suffer કરવાનું આવશે તેની મને ચોક્કસ ચિંતા હતી. પરંતુ એકંદરે ટ્રેન સારી હતી અને અમારી સફરમાં અમારે બહુ Suffer કરવું પડ્યું નહીં. હા, અમારી એક ટિકિટ અન્ય બે ટિકિટથી દૂર આવતા અને એ ટિકિટ બદલી ના થતાં થોડી મુશ્કેલી જરૂર અનુભવી. આ ટ્રેન સફરની સૌથી સારી બાબત એ હતી કે આ ટ્રેન પોતાના કુદરતી સૌંદર્ય માટે જાણીતા કોકણ વિસ્તારમાંથી પસાર થતી હતી. ખરેખર કોકણ વિસ્તારનો સૌંદર્ય જોવાની એક અલગ જ મજા છે. અમારી ટ્રેનમાં અમે આહ્લાદક સનસેટ જોવાની મજા માણી. આ ટ્રેન મુસાફરીની એક મુશ્કેલી એ છે કે કોકણ વિસ્તારનો ઘણો ખરો ભાગ એ ''સિંગલ ટ્રેક''થી જોડાયેલ છે. આ કારણે અવારનવાર ટ્રેનને કોઈ અન્ય ટ્રેનને ''પાસિંગ'' આપવા ઊભું રહી જવું પડતું હોય છે. આ કારણે અમારી ટ્રેન એક જગ્યાએ તો લગભગ ૨ કલાક જેવુ ઊભી રહી. આ એક કંટાળાજનક બાબત છે. પરંતુ દરેક બાબત આપણે ઈચ્છીએ એમ તો થાય તેવું ઇચ્છવું પણ યોગ્ય નથી ને??? આ હોલ્ટનું અમને નુકસાન એ ગયું કે ગોવા પસાર કરતી વખતે અંધારું થઈ ગયું અને ગોવાના કુદરતી સૌંદર્યને અમે ટ્રેન માંથી માણી ના શક્યા..

અમારી ટિકિટ મેંગલોર સુધીની હતી પરંતુ મેંગલોરથી ૧ કલાક પહેલા ''ઉડુપી'' નામે એક ગામ આવતું હતું. આપણે સૌ ''ઉડુપી રેસ્ટોરન્ટ'' માં ''સાઉથ ઇંડિયન'' ખાતા હોયે છીએ ને, એ આજ ગામના નામ પરથી આવતું હોય છે. અમારા પ્રોગ્રામમાં ફેરફાર કરી અમે મેંગલોરની જગ્યાએ ''ઉડુપી'' ઉતરી ગયા.

### ''ઉડુપી''- બીચ અને સાઉથ ઇંડિયન ફૂડ માટે પ્રખ્યાત

અમારી ટ્રેન અંદાજે ૩૦ મિનિટ જેવુ મોડી હતી. અમે રાત્રે ૧.૩૦ કલાકે ઉડુપી પહોચીયા. ઉડુપીમાં અમારું પહેલું મુકામ હતું ''હોટેલ મીનાક્ષી''. થોડા સમય પહેલા જ શરૂ થયેલ આ હોટેલ એક સરસ બજેટ હોટેલ હતી. અમારા માટે સૌથી મહત્વનુ એ હતું કે અમારી હોટેલ રેલ્વે સ્ટેશનથી નજીક હોવી જોઈએ. આ હોટેલ અંદાજે ૪ કી.મી. ના અંતરે આવેલ હતી. રાત્રે સૂઈ સવારે વાહલો ઉઠી ગયો. કોઈ પણ નવા શહેરમાં જવાનું થાય તો મને વહેલી સવારે ચાલીને શહેર જોવું બહુ ગમે. જો કે મારો આ શોખ મારા પરિવાર માટે મુશ્કેલી ઊભી કરે છે!!! માર પત્નીની હમેશા ફરિયાદ રહેતી હોય છે કે ઘરે કામના લીધે વહેલું ઉઠવાનું અને ફરવા જઇયે ત્યાં ફરવાના શોખના લીધે વહેલા ઉઠીને અમને ડિસ્ટર્બ કરવાનું!!!





સવારે વહેલા ઉઠી અને ઉડુપી જોઈ એ દિવસનો ફરવાનો પ્લાન બનાવ્યો. બીજે દિવસે અમારી હોટેલ હતી ''હોટેલ વાઇટ લોટસ''. ઉડુપી ઉતરવાનું કે જવાનું થાય તો આ હોટેલ હું આપણે ખાસ ''રેકમેંડ'' કરીશ. ખૂબ સરસ હોટેલ અને એમાં પણ અમને તેઓએ સ્યૂટ રૂમમાં અપગ્રેડ આપ્યો. આ સ્યૂટ રૂમ એટલો સરસ અને વૈભવી હતો કે ત્યાર બાદ અમે જે પણ હોટેલ લીધી એમાં અમને હંમેશા ''વાઇટ લોટસ'' સામે ઝાંખી લાગી. બીજી મુશ્કેલી એ હતી કે આ વૈભવી રૂમ છોડી ક્યાય ફરવા જવાનું મન પણ થતું ના હતું. આ હોટેલ ''ઉડુપી'' ના જાણીતા સનાતન હિન્દુ મઠ એવા ''કૃષ્ણ મઠ'' થી માત્ર ૫૦૦ મીટરના અંતરે આવેલ છે. અમે કૃષ્ણ મઠના દર્શન કરી ધન્યતા અનુભવી. કૃષ્ણ મઠ આસપાસના વિસ્તારમાં ઘણા મંદિરો આવેલ છે. અને ''સાઉથ'' ના મંદિરોની કળા જોવામાં પોતાનો એક લાહવો છે. પણ હું કોઈ ''હાર્ડ કોર'' ધાર્મિક વ્યક્તિ નથી આ માટે વધુ મંદિરો જોવા ગયો ના હતો. કૃષ્ણ મઠની એક દમ નજીક ''કોઈન મ્યુઝયમ'' આવેલ છે. જેમાં વિવિધ સિક્કા અને નોટની માહિતી આપવામાં આવેલ છે. એ દિવસે બપોરે થોડો આરામ કરી સાંજે અમે પહોચી ગયા ઉડુપીથી સૌથી નજીક એવા ''માલ્પે બીચ'' ઉપર ''માલ્પે બીચ'' એક સુંદર બીચ છે. આ બીચ ઉપરનો સૂર્યાસ્ત



(Sunset) જોવાનું ચૂકવું નહીં. આ ઉપરાંત કર્નાટક રાજ્યનો પ્રથમ ''ફ્લોટિંગ બ્રિજ'' એટ્લે કે દરિયા ઉપર તરતો પુલ આ બીચ પર છે. પ્રવાસીઓ માટે ૧૫૦/- ની ટિકિટ આ બ્રિજ ઉપર ફરવા માટે રાખવામા આવેલ છે. આ બ્રિજનો અનુભવ કરવાનું ચોક્કસ જરૂરી છે. તમે ચાલતા ચાલતા બ્રિજ ઉપર જતાં હોય અને પાણીની લહેરો તમને ઊંચા અને નીચા કરી એક અલગ જ અનુભવ આપે છે. આ ઉપરાંત વોટર સ્પોટ્ર્સની મજા માણવા માટે પણ આ બીચ ઉત્તમ છે. ઉડુપી ગામથી આ બીચ ૫ થી ૭ કી.મી. દૂર છે. ત્યાં જવા અને ત્યાંથી આવવા માટે રિક્ષા મળી રહે છે જેનું ભાડું ૧૫૦/- જેવુ રહેતું હોય છે. હું ચોક્કસ ''રેકમેંડ'' કરીશ કે પ્રવાસીઓ એ આ બીચ જોવા અને બ્રિજનો અનુભવ કરવો જોઈએ. ઉડુપી જાવ તો ત્યાંનું સાઉથ ઇંડિયન ફૂડ ખાવું ચોક્કસ ચૂકવા જેવુ નથી. ગમે તેવી નાની હોટેલ માં જાવ કે મોટી વૈભવી હોટેલમાં જમો, ઉડુપીનું સાઉથ ઇંડિયન ફૂડ તમારી દાઢે વળગી જશે તે ચોક્કસ છે. બીજે દિવસે અમારે ઉડુપી છોડી મેંગલોર માટે રવાના થવાનું હતું. **(ક્રમશઃ વધુ આવતા અંકમાં...)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.




# શેર બજારના વ્યવહારો ઈન્કમ ટેક્સ રિટર્નમાં યોગ્ય રીતે દર્શાવવા છે જરૂરી!! આ વ્યવહારો દર્શાવવામાં ચૂક કરવાથી આવી શકે છે મોટી જવાબદારી

## ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર TIS ઉપર આવેલ માહિતીને ધ્યાને લઈ આ વ્યવહારો દર્શાવવા છે જરૂરી

**Dt. 10.06.2024**

કોરોનાના કપરા સમય બાદ શેર બજારમાં સામાન્ય લોકોના રોકાણમાં ખૂબ મોટો વધારો થયો છે. એક ટેક્સ એડવોકેટ તરીકે એવો અનુભવ થયો છે કે શેર બજારના રોકાણમાં થયેલ આ વધારાના કારણે શેર બજાર ઉપર લાગતા ટેક્સ બાબતેના પ્રશ્નોમાં પણ વધારો થયો છે. આજે આ લેખમાં શેર બજારના વ્યવહારો ઉપર લગતા ઇન્કમ ટેક્સ અંગેના સામાન્ય નિયમોની ચર્ચા કરવામાં આવેલ છે.

### ટૂંકા ગાળાનો મૂડી નફો (શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન)

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના સુધીમાંજ આ શેરનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને ટૂંકા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન (STCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૩ ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૪ ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ગણવામાં આવે છે. આવા ટૂંકા ગાળાના નફા ઉપર ૧૫% ના દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે.

કરદાતાની અન્ય આવક ઉપર જે કોઈ પણ દર લાગુ હોય પરંતુ શેર બજારના વ્યવહાર ઉપર જ્યારે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ઉદ્દ્ભવેલ હોય ત્યારે તેના ઉપર ૧૫% ના દરે જ ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. આ તકે એ બાબત જાણવી જરૂરી છે કે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન એ માત્ર ડિલિવરી બેઈઝ વ્યવહારો માટે લાગુ પડે. શેરની ડિલિવરી લીધા સિવાય માત્ર 'ઈન્ટ્રા ડે' વ્યવહારો જેવા વ્યવહારો માટે ઈન્કમ ટેક્સ હેઠળ અલગ જોગવાઈ લાગુ પડે છે જેની ચર્ચા હવે પછી આ લેખમાં કરવામાં આવેલ છે.

### લાંબા ગાળાનો મૂડી નફો (લોંગ ટર્મ કેપિટલ ગેઈન)

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના બાદ આ શેરોનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને લાંબા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૦ ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૪ ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને લોંગ ટર્મ કેપિટલ ગેઈન ગણવામાં આવે છે. લાંબા ગાળાના મૂડી નફા ઉપર ૧૦% ના રાહતકારક દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. જો કે લાંબા ગાળાના મૂડી નફા સંદર્ભે કરદાતાઓને ૧ લાખ સુધીની વિશિષ્ટ મુક્તિ આપવામાં આવેલ છે. આમ, કરદાતાને લાંબાગાળાનો મૂડી નફો ૧ લાખથી વધુ થાય તો તે વધારાના નફા ઉપર જ ૧૦% ના દરે વેરો ભરવાની જવાબદારી આવશે.

### લાંબા ગાળાના મૂડી નફા બાબતે "ગ્રાન્ડફાધરિંગ ક્લોઝ" અંગેની એક વિશિષ્ટ રાહત!!

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ સુધી લાંબા ગાળાનો મૂડી નફો કરમુક્ત હતો. લાંબા ગાળાના મૂડી નફો કેટલો પણ મોટો હોય તેના ઉપર ટેક્સની કોઈ જવાબદારી આવતી ના હતી. પરંતુ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલ બજેટ ૨૦૧૮ માં આ કરમુક્તિ પાછી ખેચી લેવામાં આવી હતી. આ કરમુકિત પાછી ખેંચી હોવાની સાથે જ કરદાતાઓને એક વિશિષ્ટ લાભ આપવામાં આવ્યો છે. ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ પહેલા જે કોઈ કરદાતાઓ એ કોઈ શેરની ખરીદી કરેલ હોય અને આ શેરનું વેચાણ તેઓ દ્વારા લાંબા ગાળા દરમ્યાન (૧૨ મહિના ધારણ કર્યા બાદ) કરવામાં આવે તો તેઓની ખરીદ કિંમતની ગણતરીમાં વિશિષ્ટ લાભ આપવામાં આવે છે. આ લાભની ગણતરી ટેકનિકલ હોય, આ પ્રકારના લાંબાગાળાના નફાની ગણતરી કરાવવા પોતાના ટેક્સ પ્રોફેશનલ્સની સલાહ લેવી જરૂરી છે.

### ઈન્ટ્રા ડે ટ્રેડિંગ ઉપર ટેક્સની જવાબદારીઃ

ઈન્ટ્રા ડે ટ્રેડિંગ એટ્લે એ પ્રકારના શેર બજારના વ્યવહાર જેમાં વ્યક્તિ ખરીદેલા શેરની ડિલિવરી પોતાના ડીમેટ એકાઉન્ટમાં આવે એ પહેલા જ તેનું વેચાણ કરી આપતા હોય. આ પ્રકારના શેર વ્યવહારને ઈન્કમ ટેક્સ હેઠળ સટ્ટાકીય આવક ગણવામાં આવે છે જેને અંગ્રેજીમાં "સ્પેક્યુલેશન બિઝનેસ ઈન્કમ" ગણવામાં આવે છે. આ પ્રકારના વ્યવહારો ઉપર કરદાતા પોતાના સામાન્ય રીતે લાગુ દરે ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બને છે.

### ફ્યુચર્સ એન્ડ ઓપ્શન વ્યવહારો ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારીઃ


ફ્યુચર અને ઓપ્શનમાં શેર બજારમાં વ્યવહાર કરતાં કરદાતાઓની આવક એ ઈન્કમ ટેક્સ હેઠળ ધંધાકીય આવક ગણાય છે. પરંતુ આ પ્રકારના વ્યવહાર એ સટ્ટાકીય વ્યવહારો ગણાય નહીં પરંતુ સામાન્ય ધંધાકીય આવક તરીકે ગણવામાં આવશે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શનની ધંધાકીય આવક ઉપર કરદાતા પોતાને લાગુ જે તે રેઈટ ઉપર ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બનશે.

### શેર બજારના વ્યવહારોનું નુકસાન પછીના વર્ષમાં બાદ મળે?

શેર બજારમાં વ્યવહારો કરતાં વ્યક્તિ માટે આ પ્રશ્ન ખૂબ સામાન્ય રહેતો હોય છે. કોઈ વર્ષમાં ઉદ્દભવેલ નફા સામે જૂના વર્ષોમાં થયેલ નુકસાન બાદ મળે? નુકસાન સેટ ઓફ કરવાના નિયમો અલગ અલગ માટે વ્યવહારો સામે અલગ અલગ રહેતા હોય છે. મૂડી નફાનું (નુકસાનનું) સેટ ઓફ માત્રને માત્ર મૂડી નફાની ભવિષ્યની આવક સામે થઈ શકે છે. આવકના અન્ય સ્ત્રોત સામે મૂડી નુકસાનનો 'સેટ ઓફ' થઈ શકે નહીં. એમાં પણ, લાંબાગાળાના મૂડી નુકસાનનું 'સેટ ઓફ' માત્ર ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા સામે જ થઈ શકે છે. જ્યારે ટૂંકા ગાળાના મૂડી નુકસાનનું સેટ ઓફ ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા અથવા તો ટૂંકા ગાળાના મૂડી નફા બન્ને સામે થઈ શકે છે. સટ્ટાકીય વ્યવહારો (ઈન્ટ્રા ડે ટ્રેડીંગ) અંગેનું નુકસાન માત્ર ભવિષ્યમાં ઉદ્દભવતા સટ્ટાકીય વ્યવહારોના નફા સામે જ 'સેટ ઓફ' થઈ શકે છે. જ્યારે ધંધાકીય વ્યવહારો (F&O વ્યવહારો)નું નુકસાન અન્ય ધંધાકીય આવક ઉપરાંત અન્ય આવક સામે પણ 'સેટ ઓફ' થઈ શકે છે. એ બાબત યાદ રાખવી ખૂબ જરૂરી છે કે કોઈ પણ નુકસાન ભવિષ્યના વર્ષમાં 'સેટ ઓફ' લેવા માટે જે વર્ષમાં નુકસાન ઉદ્દભવ્યું હોય તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન ઈન્કમ ટેક્સ હેઠળ સૂચિત સમય મર્યાદામાં ભરવું અનિવાર્ય છે. આમ, ઓડિટ સિવાયના કરદાતાઓ હોય તેઓના માટે ૩૧ જુલાઈ તથા ઓડિટ કરાવવા જવાબદાર કરદાતાઓ માટે ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવે તો જ ભવિષ્યના નફા સામે જે તે વર્ષનું નુકસાન "સેટ ઓફ" લઈ શકાય છે. આ તકે એક મહત્વની બાબત જાણવી જરૂરી છે કે જે તે વર્ષમાં કરદાતાને હાઉસ પ્રોપર્ટીની આવક (હાઉસિંગ લોન વ્યાજ સહિત) કે ધંધાકીય આવક (સટ્ટાકીય ધંધા સિવાયની) માં નુકસાન થયું હોય અને તેઓને તે જ વર્ષના લાંબા ગાળાના કે ટૂંકા ગાળાના મૂડી નફા સામે 'સેટ ઓફ' મળી શકે છે.

શેર બજારના વ્યવહારો હાથ ધરવા એ સામાન્ય લોકો માટે જોઈએ તેટલું સહેલું નથી. એવી જ રીતે આ વ્યવહારોને ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવવા પણ રમત વાત નથી. આ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી કરદાતા પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરે તે ઈચ્છનીય છે. એક ટેક્સ પ્રોફેશનલ તરીકે હું ચોક્કસ માનું છું કે શેર બજારના વ્યવહાર કરતાં કરદાતાએ આ વિષય ઉપર નિષ્ણાંત ટેક્સ પ્રોફેશનલ્સનું માર્ગદર્શન લઈ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જરૂરી છે.

# ઈન્કમ ટેક્સ હેઠળ AIS તથા TIS કરદાતા માટે છે ઉપયોગી કે આફતરૂપ??




**Article 132**
**Dt. 27.05.2024**

ઈન્કમ ટેક્સ હેઠળ કરદાતાની આવક તથા આર્થિક વ્યવહારોની માહિતી દર્શાવે છે AIS તથા TIS ઈન્કમ ટેક્સ હેઠળ રિટર્ન ભરવાની પદ્ધતિમાં તથા તેને લગતા નિયમોમાં સતત ફેરફાર થતાં રહેતા હોય છે. આ પદ્ધતિમાં છેલ્લા ત્રણ વર્ષથી આમૂલ પરીવર્તન આવી ગયું છે. ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર કરદાતા પોતાના આર્થિક વ્યવહારોની માહિતી એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ એટ્લે કે AIS તથા ટેક્સ પેયર્સ ઈન્ફોર્મેશન સમરી એટલેકે TIS દ્વારા જોઈ શકે છે. AIS હેઠળ કરદાતાને તેઓના તમામ મોટા વ્યવહારોની વિગતો મળે છે જ્યારે TIS હેઠળ કરદાતાને પોતાની આવક સબંધી મહત્વની માહિતી મળી રહેતી હોય છે. આ AIS તથા TIS એ અન્ય કરદાતાઓ દ્વારા જે તે સરકારી તથા ખાનગી એજન્સી દ્વારા આપવામાં આવતી વિગતો તથા અન્ય કરદાતા સાથેના વ્યવહારોની આપવામાં આવતી વિગતો ઉપરથી તૈયાર કરવામાં આવતું હોય છે.

### શું છે આ AIS તથા TIS?

સામાન્ય ભાષામાં વાત કરીએ તો AIS એક એવું પત્રક છે જે પત્રકમાં કરદાતા દ્વારા કરવામાં આવેલ વિવિધ નાણાકીય વ્યવહારોની ત્રાહિત વ્યક્તિઓ પાસેથી મળેલ માહિતીની વિગતો હોય છે. આ વિગતોમાં કરદાતા દ્વારા બેન્કમાં કરવામાં આવેલ રોકડ-જમા ઉપાડ, મોટી મિલ્કતની ખરીદી-વેચાણ, કોઈ એક ઉત્પાદક-વેપારી પાસેથી કરવામાં આવેલ મોટી ખરીદીઓ, શેર બજારના મોટા વ્યવહાર જેવી વિગતોનો સમાવેશ થાય છે.

આ વિગતો ઉપરથી કરદાતાને ઈન્કમ ટેક્સ ભરવામાં ઉપયોગી માહિતી સંક્ષિપ્ત સ્વરૂપમાં TISમાં આપવામાં આવે છે. કરદાતા TIS ઉપરથી પોતાના રિટર્ન ભરવા માટે ઘણી ઉપયોગી માહિતી મેળવી શકે છે.

### આ વિગતો કરદાતા માટે છે ઉપયોગી કે આફતરૂપ??

AIS તથા ખાસ કરીને TIS ની વિગતો છેલ્લા બે વર્ષથી કરદાતાઓને ઉપલબ્ધ કરવવામાં આવી છે. આ વિગતો કરદાતા માટે ઉપયોગી છે કે, આફતરૂપ છે તે વિષે અનેક પ્રશ્નો અને વિવિધ મંતવ્યો ઉપસ્થિત થતાં હોય છે. આ બાબતે ટેક્સ પ્રોફેશનલ્સમાં પણ અલગ અલગ મંતવ્યો રહેતા હોય છે. એક ટેક્સ એડવોકેટ તરીકે હું ચોક્કસ માનું છું કે AIS અને ખાસ કરીને TIS દ્વારા પ્રાપ્ત થતી વિગતો કરદાતા માટે આફતરૂપ નહીં પણ ઉપયોગી છે. TISની વિગતો કરદાતા માટે આફત સમાન નહીં પણ ચેતવણી સમાન ગણી શકાય. અગાઉ આ પ્રકારની ઘણી વિગતો આકારણી અધિકારીને પોતાના સૉફ્ટવેરમાં તો દર્શાવતી જ હતી. આ વિગતોનો ઉપયોગ કરી ઘણા કરદાતાઓના કેસોમાં આકારણી તથા ફેર આકારણી કરવામાં આવતી હોય તેવા અનેક ઉદાહરણો છે. હવે જ્યારે આ માહિતી AIS તથા TISમાં કરદાતાને ઉપલબ્ધ કરવવામાં આવેલ છે ત્યારે કરદાતા પાસે રહેલી આ માહિતીનો યોગ્ય ઉપયોગ કરી પોતાનું રિટર્ન અને તેમાં દર્શાવેલ આવકો આ AIS/TISનો અભ્યાસ કરી દર્શાવવામાં આવે તે જરૂરી છે. જો કરદાતા તથા તેમના ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા યોગ્ય કાળજી રાખી આ વિગતોનો ઉપયોગ કરી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવે તો ચોક્કસ આ AIS તથા TIS કરદાતા માટે ઉપયોગી સાબિત થતી હોય છે. પરંતુ જો કોઈ કરદાતા આ વિગતોને ધ્યાને લીધા સિવાય પોતાનું રિટર્ન ગાફેલ રહીને ભરવામાં આવે તો આ AIS તથા TISની માહિતી તેના માટે આફતરૂપ પણ બની શકે છે.

### AIS કે TIS ધ્યાને લીધા સિવાય ભરવામાં આવેલ રિટર્ન રિવાઈઝ કરી શકાય છે!!

૩૧ જુલાઈ સુધીમાં સામાન્ય રીતે ઓડિટ લાગુ ના પડતું હોય તેવા કરદાતાઓ એ પોતાના રિટર્ન ભરી આપવાના હોય છે. ઘણા કરદાતા એવા છે. કે જેઓએ AIS તથા TISને ધ્યાને લીધા સિવાય પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપ્યા છે. આવા કરદાતાઓમાં મોટાભાગે એવા કરદાતાઓનો સમાવેશ થાય છે કે જેઓ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન જાતે, કોઈ ટેક્સ પ્રોફેશનલની મદદ લીધા વિના ભરી આપતા હોય છે. સામાન્ય રીતે ટેક્સ પ્રોફેશનલ્સ AIS તથા TISની ઉપયોગિતા બરાબર સમજે છે અને આથી તેઓ દ્વારા ભરવામાં આવેલ રિટર્નમાં આ પ્રકારે AIS/TIS ધ્યાને ના લેવામાં આવ્યું હોય તેવું જવલ્લેજ બને. કોઈ પણ સંજોગોમાં જો કરદાતાએ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન AIS અને TIS ધ્યાને લીધા સિવાય ભર્યું હોય તેઓ તેઓ દ્વારા AIS તથા TIS ચકાસી જરૂર લાગે તો પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન રિવાઈઝ કરી આપવું હિતાવહ છે.

### AIS અથવા TISમાં દર્શાવવામાં આવેલ માહિતી સાચી ના હોય તો કરદાતા પાસે શું છે વિકલ્પ??

ઉપર જણાવેલ છે તેમ AIS તથા TISની માહિતી ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ત્રાહિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ હોય છે. ક્યારે એવી શક્યતા પણ રહેતી હોય છે કે આ માહિતી આપવામાં કોઈ ભૂલ થયેલ હોય. જ્યારે AIS કે TISની માહિતી સાચી ના હોય તેવા સંજોગોમાં કરદાતાએ આ ખોટી માહિતી અંગે ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ફિડબેક આપવો જરૂરી છે. આ ફિડબેકમાં કરદાતા દર્શાવી શકે છે કે AIS કે TISમાં તેમના PAN ઉપર દર્શાવવામાં આવેલ માહિતી તેઓની નથી. કરદાતા જાણતા હોય કે આ માહિતી ક્યાં PAN (કરદાતા) ને લગતી છે તો તે અંગે તે PAN દર્શાવી ફિડબેક આપી શકે છે. આ માહિતી જે વર્ષમાં દર્શાવવામાં આવેલ હોય તે સિવાયની હોય તો પણ કરદાતા આ અંગે વર્ષ બાબતે ફિડબેક આપી શકે છે. આ માહિતી અધૂરી કે સંપૂર્ણપણે સાચી ના હોય કે સંપૂર્ણ પણે માહિતી ખોટી હોય તો પણ કરદાતા આ ફિડબેક આપી આ માહિતીનો અસ્વીકાર કરી શકે છે.

ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ૦૧ નવેમ્બર ૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ AIS તથા TISની સગવડ કરદાતા માટે આ કારણે ફાયદાકારક જ ગણી શકાય. પોતાના ઈન્કમ ટેક્સ રિટર્નમાં કઈ માહિતી ભરવી જરૂરી છે તેનો અંદાજ તેઓને આવી જતો હોય છે. આ ઉપરાંત AIS-TISના કારણે ક્યારેક શરત ચૂકથી કોઈ આવક કે વ્યવહાર દર્શાવવામાં ચૂક થયેલ હોય તો પણ આ માહિતી ઉપરથી કરદાતા આ આવક કે વ્યવહાર યોગ્ય રીતે દર્શાવી શકે છે. આમ, કરદાતા દ્વારા AIS તથા TISમાં દર્શાવવામાં આવેલ માહિતીનો ઉપયોગ કરી ભારે તે જરૂરી છે.

# આદેશના ત્રણ મહિના સુધીમાં વસૂલાત ના કરે અધિકારીઃ પણ શરતો લાગુ

## જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૭૮ મુજબ કોઈ પણ આદેશ પસાર થયાના ૩ મહિનામાં અપીલની છે જોગવાઈઃ અપીલ ના થઈ હોય તો જ કરવામાં આવે રિકવરી




તા. ૦૨.૦૬.૨૦૨૪: જી.એસ.ટી. ડિપાર્ટમેંટના અધિકારીઓ જી.એસ.ટી. કાયદાની જોગવાઈથી વિપરીત કોઈ પણ આદેશ સામે જલ્દી વસૂલાત માટે દબાણ કરતાં હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠવા પામી હતી. આ ફરિયાદોને ધ્યાને લઈ સેન્ટરલ બોર્ડ ઓફ ઈંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC), દ્વારા મહત્વની સૂચના બહાર પાડવામાં આવી છે. ૩૦ મે ૨૦૨૪ ના રોજ બહાર પાડવામાં આવેલ સૂચના ૦૧/૨૦૨૪ અનુસાર અધિકારીઓને સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે સામાન્ય સંજોગોમાં કોઈ પણ આદેશ સામેની વસૂલાત કલમ ૭૮ મુજબ આદેશ મળ્યાના ૩ મહિનાની અંદર કરવી જોઈએ નહીં. ખાસ કિસ્સાઓ કે જ્યાં "રેવન્યુ લોસ"ની સંભાવના જણાતી હોય તેવા કેસોમાં યોગ્ય પદ્ધતિનું પાલન કરી આ વસૂલાત ૩ મહિના પહેલા પણ કરી શકાય છે.

આ સૂચનાઓમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સામાન્ય સંજોગોમાં કોઈ પણ આદેશ સામે વસૂલાતની કામગીરી જે તે ઘટકના ડેપ્યુટી કમિશ્નર કે આસીસ્ટંટ કમિશ્નર દ્વારા કરવાની રહેતી હોય છે. પરંતુ જ્યારે વસૂલાતની કામગીરી ત્રણ મહિના પહેલા કરવાનો રહેતો હોય ત્યારે જે તે ક્ષેત્રાધિકાર ધરાવતા પ્રિન્સિપાલ કમિશ્નર અથવા તો કમિશ્નર ઓફ સેન્ટરલ ટેક્સ પાસે વિગતો તથા કારણો રજૂ કરી તેઓ દ્વારા જ આ વસૂલાત કરવામાં આવશે. ડે. કમિશ્નર કે આસિસ્ટન્ટ કમિશ્નર દ્વારા રજૂ કરવામાં આવેલ વિગતો તથા કારણો અંગે અભ્યાસ કરી, જો યોગ્ય લાગે તો પ્રિન્સિપાલ કમિશ્નર અથવા તો કમિશ્નર ઓફ સેન્ટરલ ટેક્સ દ્વારા આ બાબતે કારણોની યોગ્ય નોંધ કરી કરદાતાને જાણ કરવાની રહેશે. આ પ્રમાણે તેઓએ પોતાના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની જાણ ડે. કમિશ્નર કે આસી. કમિશ્નરને પણ કરવાની રહેશે.

આ સૂચનારો ખરેખર આવકારદાયક છે. પરંતુ આ સૂચનાઓ CBIC દ્વારા આપવામાં આવેલ હોય CGST અધિકારીઓ માટે સીધી રીતે લાગુ પડે નહીં. રાજ્ય કર વેરા એટલેકે SGSTમાં પણ સતત આ પ્રમાણે સમય કરતાં પહેલા ઉઘરાણીઈ પદ્ધતિ પ્રચલિત છે. ટેક્સ પ્રોફેશનલ્સ તથા કરદાતાઓ આશા સેવી રહ્યા છે કે આ પ્રકારની સૂચના ગુજરાત SGST ડિપાર્ટમેંટ દ્વારા પણ બહાર પાડવામાં આવે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## 'ટેક્ષ ટુડે' પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છા...








અજીત તીવારી – પ્રેસિડેન્ટ
કલ્પેશ શાહ – વાઇસ પ્રેસિડેન્ટ
મુકેશ શર્મા – સેક્રેટરી
મનોજ પંચાલ – જોઇન્ટ સેક્રેટરી
કિરણ પારેખ – ટ્રેઝરર

**બરોડા ટેક્ષ બાર એસોસિએશનના હોદ્દેદારો તરીકે વરણી થતાં 'ટેક્ષ ટુડે' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...**

## 'ટેક્ષ ટુડે' પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છા...






ભાસ્કર પટેલ – પ્રેસિડેન્ટ એમેરીટ્સ
નકુલેશ પટેલ – પ્રમુખ
ભાવિન પટેલ – માનદ મંત્રી
દિવ્યેશ પટેલ – ખજાનચી

**સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટસના હોદ્દેદારો તરીકે વરણી થતાં 'ટેક્ષ ટુડે' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...**







કલ્પેશ જયશ્વાલ – ઉપ-પ્રમુખ
ફૈઝાન ડભોઈવાલા – ઉપ-પ્રમુખ
ધમેશ ગાંધી – સહ-મંત્રી
સહદેવ પટેલ – સહ-મંત્રી
પ્રજ્ઞેશ ભગત – સહ-ખજાનચી

## 'ટેક્ષ ટુડે' પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છા...




એડવોકેટ **જયદીપ એમ. પટેલ** પ્રમુખશ્રી
એડવોકેટ **અનિલ આર. ટીમ્બડીયા** સેક્રેટરીશ્રી

**ટેક્સ એડવોકેટ્સ એસોસિએશન ગુજરાતના હોદ્દેદારો તરીકે વરણી થતાં 'ટેક્ષ ટુડે' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...**

**ઓફિસ બેરર્સ**

(૧) શ્રી જયદીપ એમ. પટેલ – પ્રમુખશ્રી
(૨) શ્રી પિનાકીન ડી. પટેલ – ઉપપ્રમુખશ્રી
(૩) શ્રી અનિલ આર. ટીમ્બડીયા–સેક્રેટરીશ્રી
(૪) શ્રી દીપ કે. પરીખ–જોઇન્ટ સેક્રેટરીશ્રી
(૫) શ્રી ગૌરાંગ ડી. વ્યાસ – ખજાનચીશ્રી

**કમિટી મેમ્બર્સ**

(૧) શ્રી કિંજલ આર. શાહ (IPP)
(૨) શ્રી અનિલ આર. પરિખ
(૩) શ્રી વસંત એન. પટેલ
(૪) શ્રી બિંદેશ આઇ. શાહ
(૫) શ્રી ઉત્સવ આર. પટેલ
(૬) શ્રી અમિત જી. સોની
(૭) શ્રી નૈતિક એન. શાહ
(૮) શ્રી મુકેશ ડી. પટેલ

## 'ટેક્ષ ટુડે' પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છા...




શ્રી શૈલેષ એચ. મકવાણા – પ્રમુખશ્રી
શ્રી આશુતોષભાઈ ઠક્કર – મંત્રીશ્રી

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી શૈલેશ એચ.. મકવાણા |
| ઉપપ્રમુખ | : | શ્રી નરેન્દ્ર ડી. કરકર |
| ઉપ પ્રમુખ | : | શ્રી જગદીશ વ્યાસ |
| મંત્રી | : | શ્રી આશુતોષભાઈ ઠક્કર |
| મંત્રી | : | શ્રી રમેશભાઈ ત્રિવેદી |
| ખજાનચી | : | શ્રી નિશાંત શાહ |
| કારોબારી સભ્યો | : | બીપીનકુમાર બી.ભાવસાર, દર્શિત પી. શાહ, મેહુલ એન. શાહ, નીતેશ ડી. શાહ, પ્રીતેશ એસ. ગાંધી, જય વી. ઠક્કર |

**ધી ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસીએશનના હોદ્દેદારો તરીકે વરણી થતાં 'ટેક્ષ ટુડે' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...**

# વેપારીનું જી.એસ.ટી. રજીસ્ટ્રેશન રદ્દ કરવું તેને ફાંસીની સજા આપવા બરાબર ગણી શકાયઃ મદ્રાસ હાઈકોર્ટ

**Article 133**

**તા. ૦૩.૦૬.૨૦૨૪**

જી.એસ.ટી. કાયદો ૦૧.૦૭.૨૦૧૭ થી લાગુ થયો છે ત્યારથી ઘણી બાબતો માટે ચર્ચાસ્પદ રહ્યો છે. આ બાબતો પૈકી એક બાબત છે કાયદા હેઠળ કરવામાં આવેલ ચૂક બદલ વેપારીનો નોંધણી દાખલો રદ્દ કરવા અંગની જોગવાઈ. જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વેપારી અમુક રિટર્ન ના ભરે ત્યારે અધિકારી વેપારીનો જી.એસ.ટી. નંબર રદ્દ કરી નાંખવાની સત્તા ધરાવે છે. આ સત્તાનો ઉપયોગ કરી ઘણા વેપારીઓના જી.એસ.ટી. નોંધણી દાખલા અધિકારી દ્વારા રદ્દ કરી નાંખવામાં આવતા હોય છે. જી.એસ.ટી. હેઠળ આવા રદ્દ કરી નાખવામાં આવેલ જી.એસ.ટી. નોંધણી દાખલાને નિયત સમયમાં યોગ્ય વિધિ કરી પુનઃ ચાલુ કરવી શકે છે. આ સમય રિવોકેશન માટે એક મહિનાથી મંડીને ત્રણ મહિના નો રહેતો હોય છે. અપીલ દ્વારા જી.એસ.ટી. પુનઃ સ્થાપિત કરવા રદ્દના આદેશ તારીખથી મહત્તમ ચાર મહિનામાં કરવાનો સમય રહેતો હોય છે. મોટાભાગના કેસોમાં આ સમયમર્યાદામાં જી.એસ.ટી. પુનઃ જીવિત કરવાની અરજી કરી યેનકેન પ્રકારે જી.એસ.ટી. રજીસ્ટ્રેશન પુનઃજીવિત (રિસ્ટોર) કરાવી આપવામાં આવતા હોય છે. પરંતુ અમુક કેસોમાં સમયમર્યાદાને કારણે અથવા તો કોઈ અન્ય કારણે જી.એસ.ટી. નોંધણી દાખલો પુનઃજીવિત કરી આપવામાં આવતા હોતા નથી. આ પ્રકારના કેસોમાં જે વેપારીનો નોંધણી દાખલો રદ્દ થયો હોય તે વેપારી તો અસહ્ય યાતના ભોગવે જ છે પરંતુ સાથો સાથ તેની સાથે સલગ્ન ખરીદનાર વેપારી તથા વેચનાર વેપારી માટે પણ અનેક તકલીફો ભોગવવાનો વારો આવતો હોય છે.

**મોટાભાગના કેસો બને છે સમયમર્યાદાનો શિકાર!!**

જી.એસ.ટી. કાયદા હેઠળ વિવિધ કર્યો તથા વિધિ કરવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. આ સમયમર્યાદામાં કોઈ કામ ના કરવામાં આવે ત્યારે તેના ઘણા ગંભીર પરિણામ આવવાની શક્યતા રહેતી હ ય છે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા જ્યારે નોંધણી દાખલો રદ્દ કરી નાંખવામાં આવે ત્યારે વેપારી આ રદ્દના આદેશ સામે રિવોકેશન અરજી કરી ફરી પોતાનો જી.એસ.ટી. નંબર ચાલુ કરવી શકે છે. આ રિવોકેશન અરજી સામાન્ય રીતે નોંધણી દાખલો રદ્દ થયાના આદેશ થવાના ૩૦ દિવસમાં કરી શકાય છે. આ ઉપરાંત રદ્દના આદેશના ૯૦ દિવસમાં ડીલે કોંડોનેશન સાથે આ અરજી કરવાની તક રહેતી હોય છે. આ સમયમર્યાદા ચૂક્યા બાદ કરદાતા પાસે પછીના ૩૦ દિવસમાં ડીલે કોંડોનેશન સાથે આદેશ સામે અપીલ કરવાની તક મળતી હોય છે. પરંતુ એક વાર આ તક પણ ગુમાવ્યા પછી, વેપારી ભગવાન ભરોસે પહોચી જાય છે. મોટાભાગે કાયદાની અજ્ઞાનતાના કારણે આ પ્રકારની ચૂક થતી હોય છે પરંતુ આ અજ્ઞાનતાના પરિણામ ખૂબ ગંભીર આવતા હોય છે.




**મદ્રાસ હાઈકોર્ટનો મહત્વનો ચુકાદોઃ**

જોન્સ દીરાવિયમ વી. ડે. કમિશ્નર (જી.એસ.ટી. અપિલ્સ) ના કેસમાં વેપારીનો નોંધણી દાખલો રિટર્ન ના ભરવાના કારણે રદ્દ કરી નાંખવામાં આવ્યો હતો. તેઓ નિયત સમય મર્યાદામાં રિવોકેશન અરજી કરવાની ચૂકી ગયા હતા. આ આદેશ સામે સમયમર્યાદામાં અપીલ કરવાની પણ તેઓ ચૂકી ગયા હતા. તેઓ દ્વારા રદ્દ આદેશના ૨૬૦ દિવસ બાદ આદેશ સામે અપીલ દાખલા કરવામાં આવેલ હતી. સમયમર્યાદાના કારણે વેપારી દ્વારા કરવામાં આવેલ અપીલ ડે. કમિશ્નર અપીલ દ્વારા સ્વીકારવામાં આવેલ ના હતી. આ આદેશ સામે વેપારીએ મદ્રાસ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

કરદાતા વતી ઉપસ્થિત વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે કરદાતા આ આદેશની કાર્યવાહી બાબતે તદ્દન અજાણ હતા. અજાણતા થયેલ ભૂલ અંગે તેઓને ખૂબ મોટી સજા મળી રહી છે. મદ્રાસ હાઈકોર્ટ દ્વારા આ પ્રકારના જ બોમ્બે હાઈકોર્ટના કેસનો તથા ઉત્તરાખંડ હાઈકોર્ટના કેસનો સંદર્ભ લેવામાં આવ્યો હતો જ્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. કાયદા હેઠળ વ્યક્તિગત વેપારીની ખાસ કરીને SMEના હક્કો બચાવવા ખૂબ જરૂરી છે. બન્ને હાઈકોર્ટ દ્વારા ઊંડાણપૂર્વક દલીલો સાંભળી ઠરાવવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. હેઠળ કોઈ વેપારીનો જી.એસ.ટી. નંબર ચાલુ ના કરવો વેપારીના બંધારણના અનુછેદ 19(1)(g) હેઠળ સુનિશ્ચિત કરવામાં આવેલ ધંધો કરવાના હક્ક પર તરાપ ગણી શકાય.

મદ્રાસ હાઈકોર્ટ દ્વારા પણ વેપારી તરફી તથા સરકાર તરફી દલીલ સાંભળી એવું ઠરાવવામાં આવ્યું હતું કે વેપારીને વેપાર કરવાના હક્કને રોકવાનો તથા તેના ગુજરાન ચલાવવાને અટકાવવાનો જી.એસ.ટી. કાયદાનો હેતુ હોય શકે નહીં. વહીવટી બાબતો અંગે નિર્ણય લેવા સમયે દરેક કેસના ગુણદોષ જોવા જરૂરી છે. હાઈકોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું હતું કે તેઓ દ્વારા ભારતીય બંધારણ હેઠળ વ્યક્તિને આપવામાં આવેલ બંધારણીય હક્કો મળી રહે તે બાબત સુનિશ્ચિત કરવાની જવાબદારી કોર્ટની છે.

કોર્ટ દ્વારા વધુમાં નોંધવામાં આવ્યું હતું કે અપીલ અધિકારી ઉપર લાગુ કરવામાં આવેલ સમયમર્યાદાના કારણે ઘણી વાર કરદાતા અસહાય સ્થિતિમાં પહોચી જતાં હોય છે અને તેઓ પાસે અન્ય કોઈ વિકલ્પ રહેતો હોતો નથી. આવી પરિસ્થિતીમાં વેપારી પોતાનો જિવન નિર્વાહ કરવામાં પણ અસમર્થ બની જાય છે. આ અસમર્થતા તે બંધારણના અનુછેદ ૨૧ હેઠળ જીવન જીવવાના અધિકારની વિરુદ્ધ ગણી શકાય.

મદ્રાસ હાઈકોર્ટ દ્વારા આ પ્રકારની જોગવાઈને વેપારીઓ માટે ફાંસીની સજા સમાન ગણવામાં આવી હતી અને આ કેસ ફરી વિચારણા માટે અધિકારીને પરત મોકલવામાં આવ્યો હતો.

**ઉપસંહારઃ**

જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વેપારીએ પોતાના રિટર્ન ખૂબ નિયમિત ભરવા જોઈએ. કોઈ કારણોસર આમ ના થયું હોય અને આ કારણે જી.એસ.ટી. નંબર રદ્દ થઈ ગયો હોય તેવા કિસ્સામાં સમયમર્યાદામાં રિવોકેશન કે અપીલ કરી દેવી ખૂબ જરૂરી છે. પરંતુ સંજોગોવસાત આમ ના કરી શક્યા હોય, અને સમયમર્યાદાના કારણે પોતે અસહાય સ્થિતિમાં પહોચી ગયા હોય તેમના માટે મદ્રાસ હાઈકોર્ટનો આ ચુકાદો કરદાતાને ખૂબ ઉપયોગી બની શકે છે.

**DSC SCHOOL Of COMMERCE**

DSC PUBLIC SCHOOL

Veraval Road, Near Lamdhar Fatak, UNA Mo.+91 8758470700

**ધોરણ ૧૦ માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને 30% સુધીની સ્કોલરશીપ**



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની ઉના પીપલ્સ કો-ઓપ બેન્કની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની DEO ની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની GST ઓફીસની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની INCOME TAXઓફીસની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની મારૂતિ જીનીંગ ઇન્ડ.ની મુલાકાત



DSC સ્કૂલના વિદ્યાર્થીઓની કૈલાશ કોટન પ્રા.લી.ની મુલાકાત

એડમીશન ઓપન
ધોરણઃ૧૧ અને ૧૨ કોમર્સ
ઇંગ્લીશ/ગુજરાતી મીડીયમ

**એડમિશનની વધુ વિગતો માટે વિઝીટ કરોઃ**
http://www.dscpublicschool.org

**શા માટે કોમર્સ DSC SCHOOL OF COMMERCE ???**

- કોમર્સ શીખો કોમર્સ વિષયના તજજ્ઞો પાસેથી
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતો
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે વિવિધ બેન્કો તથા જી.એસ.ટી., ઇન્કમ ટેક્ષ જેવી સરકારી ઓફીસની મુલાકાતો
- જી.એસ.ટી. અધિકારી, ઇન્કમ ટેક્સ અધિકારી જેવા સરકારી અધિકારીઓ, નિષ્ણાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નિષ્ણાંત વકીલો જેવા તજજ્ઞોના લેક્ચરોનો લાભ
- કોમર્સના વિવિધ વિષયો ઉપર વિદ્યાર્થીઓને લગતા વેબીનાર

◆ Year: 8, ◆ Issue No.8, ◆ Continue Issue No.92, ◆ Date: 16/06/2024, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.